રજૂ તા. ૦૬/૦૮/૨૦૨૪
દાખલ તા. ૦૬/૦૮/૨૦૨૪
ફેસલ તા. ૨૪/૦૩/૨૦૨૬
સમયગાળો:–
**વર્ષ–<u>૦૧</u>, માસ–<u>૦૭</u>, દિવસ–<u>૧૮</u>**

**<u>નમુનો–અ</u>**

**મહે. એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.દહેગામ.**

આંક – ..........

**ચુકાદાની તારીખ : ૨૪/૦૩/૨૦૨૬**

**ફોજદારી કેસ નંબર–૮૪૪/૨૦૨૪**

**રખીયાલ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૧૨૧૬૦૧૨૨૪૦૦૫૧/૨૦૨૪**

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ફરીયાદીનું નામ | શ્રી સરકાર |
| ફરીયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી. | બી.એમ.રાજપુત |
| આરોપીનું નામ | (૧) સોનીયા વા/ઓ સંજય રાજેન્દ્રકુમાર તુલી<br>(૨) સંજય સ/ઓ રાજેન્દંકુમાર તુલી<br>બન્ને રહે. એર/૧૪, પહેલો માળ, લીલક–ર, સ ેકટર–૪૯, ઈસ્લામપુર–૧૭, ગુડગાવ હરીયાણા તથા રહેવાસી, એ.જી.૩૦ તથા ૩૧, યુનીટેક આર્કેડીયા સૌથ સીટી–ર ગુડગાવ હરીયાણા |
| આરોપી તરફે વિ.વકીલશ્રી | એસ.વી.કદમ |

**<u>નમૂનો–બ</u>**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૬/૦૪/૨૦૨૦ થી ૨૧/૦૨/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૧/૦૨/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૦૬/૦૮/૨૦૨૪ |
| તહોમતનામા/પ્લીની તારીખ | ૨૩/૦૬/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૫/૦૯/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૨૪/૦૩/૨૦૨૬ |

| | |
|---|---|
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | ---- |

## આરોપીની વિગત

| અનુ. નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયું / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો બી.એન.એસ. એસ.ની કલમ-૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | સોનીયા વા/ઓ સંજય રાજેન્દ્રકુમાર તુલી | -- | ૧૩/ ૦૬/ ૨૦૨૪ (સી.આર.પી.સી. ની કલમ -૪૧ (૧)(અ) મુજબ નોટીસ આપી) | ઈ.પી.કો. કલમ-૪૦૬,૪૨૦,૧૧૪ મુજબ | નિર્દોષ | -- | -- |
| ૦૨ | સંજય સ/ઓ રાજેન્દ્રકુમાર તુલી | | '' | | | | |

### નમૂનો ક

### ફરિયાદી / બચાવ પક્ષ/કોર્ટ દ્વારા તપાસવામાં આવેલ સાહેદોની યાદી

**એ. ફરીયાદપક્ષ**

| અનુ.નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| (૧) | ૧૭ | પાર્થ સારથી કૌશિક | ફરિયાદી |
| (૨) | ૨૮ | પી.એસ.આઈ.એમ.એમ.ગઢવી | ત.ક.અ. |

**બી. બચાવપક્ષ સાહેદો, જો કોઈ હોય,**

| અનુક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| બચાવપક્ષ તરફે કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી. | | | |

**સી. કોર્ટ તરફે સાહેદો, જો કોઈ હોય,**

| અનુક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| કોર્ટ દ્વારા કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી. | | | |

### ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ તરફે રજૂ થયેલ દસ્તાવેજોની યાદી

**એ. ફરિયાદ પક્ષ**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૮ | ફરિયાદ |
| ૨ | ૧૯ | પંચનામુ |
| ૩ | ૨૯ | કલોઝીંગ પુરસીસ |

**બી. બચાવપક્ષ:–**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| બચાવપક્ષ તરફે કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ નથી. | | |

**સી. કોર્ટ દ્વારા:–**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| કોઈ નથી. | | |

**ડી. મટીરીયલ ઓબ્જેકટસ:–**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| કોઈ નથી. | | |

::: ઠ રા વ :::

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદીશ્રીની કંપની અલ્ફા વેકટર (ઈન્ડીયા) પ્ર ાઈવેટ લીમીટેડને વિશ્વાસ અને ભરોસો આપેલ કે, ફરીયાદીને તેઓની કં પનીના ઓથોરાઈઝ ડીલર બનાવો તેઓ તેમની સાઈકલો તથા તેની એસેસરીજ દીલ્લી એન.સી.આર.માં વેચાણ કરશે જેથી તેમની કંપનીનું નામ થશે તેમ કહેતા ફરિયાદીની કંપનીએ આ કામના આરોપીઓ ઉપર ભરોસો રાખી આરોપીઓની કંપની મેમર્સ રોડ રાઈડરને ફરીયાદીની કંપની ઓથોરાઈઝ ડીલર બનાવતા આ કામના આરોપીઓએ તેઓની સંપુર્ણ જવાબદારી તારીખ. ૧ ૬/૦૪/૨૦૨૦ થી તારીખ. ૨૪/૧૨/૨૦૨૨ ના સમયગાળા દરમ્યાન જુદા જુદા

મોડલની કુલ સાયકલો નંગ–૩૭૩ તથા સાયકલોની જુદી જુદી એસેસરીઝ કુલ નંગ–૫૪૫ તમામ મળી કુલ કિં.રૂ. ૨૩,૯૮,૭૪૯/–ની મંગાવી, આરોપીઓ ધ્વારા મોકલાવેલ ઉપરોકત માલ સામાનનું રૂપીયા(પેમેન્ટ) કંપની ધ્વારા તથા ફરિયાદીશ્રી ધ્વારા માંગતા આરોપીઓએ કંપની તથા ફરીયાદીને ખોટા ખોટા વાયદાઓ કરી લીધેલ માલ(સામાન) પેટે બાકી નીકળતા રૂપીયા–૨૨,૪૦,૦૪૪/– ના નહીં આપી કંપની તથા ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરવામાં એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો. કલમ– ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબનો ગુન્હો કર્યા અંગેની ફરીયાદના કામે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો જણાતાં તપાસ કરનાર અમલદારે અત્રેની કોર્ટ રૂબરૂ ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આ કામના આરોપીઓને સમન્સ કરતા આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થયેલ છે અને તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓ સામે આંક : ૦૯ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ અને આંક: ૧૦ અને ૧૧ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ તેમની સામેનો ગુનો કબુલ નહી હોવાનું જણાવતા કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદી તરફે ઉપર કોષ્ટકમાં નમૂના–ક માં જણાવ્યા મુજબનો પુરાવો રજૂ થયેલ છે અને ત્યારબાદ વિ.એપીપીશ્રીની મૌખિક વિનંતીને આધારે ફરીયાદપક્ષનો પુરાવો પૂરો થયેલો જાહેર કરવામાં આવેલ છે. આ કામના આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવાનો ઈનકા કરી વિશેષમાં તેઓએ આવો કોઈ ગુનો કરેલ નથી અને તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ સદર કામે બંને પક્ષોની દલીલ સાંભળવામાં આવેલ છે.

(૪) આ કામે હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદીશ્રીની કંપની અલ્ફા વેકટર (ઈન્ડીયા) પ્રાઈવેટ લીમીટેડને વિશ્વાસ અને ભરોસો આપેલ કે, ફરીયાદીને તેઓની કંપનીના ઓથોરાઈઝ ડીલર બનાવો તેઓ તેમની સાઈકલો તથા તેની એસેસરીજ દીલ્લી એન.સી.આર.માં વેચાણ કરશે જેથી તેમની કંપનીનું નામ થશે તેમ કહેતા ફરિયાદીની કંપનીએ આ કામના આરોપીઓ ઉપર ભરોસો રાખી આરોપીઓની કંપની મેમર્સ રોડ રાઈડરને ફરીયાદીની કંપની ઓથોરાઈઝ ડીલર બનાવતા આ કામના આરોપીઓએ તેઓની સંપુર્ણ જવાબદારી તારીખ. ૧૬/૦૪/૨૦૨૦ થી તારીખ. ૨૪/૧૨/૨૦૨૨ ના સમયગાળા દરમ્યાન જુદા જુદા મોડલની કુલ સાયકલો નંગ–૩૭૩ તથા સાયકલોની જુદી જુદી એસેસરીઝ કુલ નંગ–૫૪૫ તમામ મળી કુલ કિં.રૂ. ૨૩,૯૮,૭૪૯/–ની મંગાવી, આરોપીઓ ધ્વારા મોકલાવેલ ઉપરોકત માલ સામાનનું રૂપીયા(પેમેન્ટ) કંપની ધ્વારા તથા ફરિયાદીશ્રી ધ્વારા માંગતા આરોપીઓએ કંપની તથા ફરીયાદીને ખોટા ખોટા વાયદાઓ કરી લીધેલ માલ(સામાન) પેટે બાકી નીકળતા રૂપીયા–૨૨,૪૦,૦૪૪/– ના નહીં આપી કંપની તથા ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરવામાં એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો. કલમ– ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શુ હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

(૬) ઉપરોકત નિર્ણય પર આવવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

**-:: કા ર ણો ::-**

અત્રે એ નોંધવુ જરૂરી બની રહે છે કે, આ કામે ફરીયાદપક્ષ તરફથી આ કામના આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનો સાબિત કરવા માટે સદર કલમોમાં જણાવ્યાનુસારનો જરૂરી પુરાવો રેકર્ડ પર રજૂ કરવાનો રહે છે તથા તે નિ:શંકપણે પુરવાર કરવો મહત્વનો બની રહે છે. જેથી રેકર્ડ પર આવેલ સમગ્ર પુરાવાની ચર્ચા/મૂલ્યાંકન નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૭) **મુદ્દા નંબર-૧:-**

આરોપીને તેમની સામેના મુકવામાં આવેલ તહોમત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે રજૂ થયેલ મૌખિક પુરાવાનું મૂલ્યાંકન ઉપરોકત ગુનાના આવશ્યક તત્વોને ધ્યાને રાખી નીચે મુજબ કરવામાં આવે છે.

આ કામે ફરીયાદપક્ષે આંક-૧૭ થી ફરિયાદી પાર્થ સારથી કૌશિક નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસની જુબાનીમાં જણાવેલ કે, બનાવ દોઢેક વર્ષ અગાઉ બનેલ. સને ૨૦૧૭ ની સાલમાં તેઓ સુજાના મુવાડા ગામે અલ્ફાવેકટર(ઈન્ડીયા) પ્રા. લીમીટેડ નામની તેઓની કંપની સાઈકલ તથા સાઈકલની એસેસરીઝ બનાવતી હોઈ જેમાં તેઓ સીનીયર લીગલ કાઉન્સીલર તરીકે ફરજ બજાવતા હતા. તેઓની કંપનીમાં અંદાજીત ૧૦૦૦ જેટલા ડીલરો ધ્વારા કંપનીમાં કરેલ ઓર્ડર પ્રમાણેનો માલ તેઓ ટ્રાન્સપોર્ટ મારફતે મોકલી આપતા હતા. જે ડીલર મંગાવ્યા મુજબનો માલ તેને મળી જતાં સહી કરી પહોંચ પરત આપતાં. સને ૨૦૧૭ ની સાલમાં તેઓની કંપનીમાં ગુડગાંવ ખાતે આવેલ રોડ રાઈડર કંપનીના બે ભાગીદારો જેના નામ તેઓને હાલ યાદ નથી તેઓએ ફરિયાદીની કંપનીમાંથી સાઈકલો તથા એસ

ેસરીઝ ખરીદતાં હોઈ તેઓએ તેમની કંપનીમાં તેઓને ઓથોરાઈઝ ડીલર બનાવવા માટે જાણ કરેલ અને તેઓ વારંવાર તેઓની કંપનીમાંથી સાઈકલ તથા તેની એસેસરીઝનો માલ લઈ જતાં હોઈ તેઓની કંપનીએ તેઓને ઓથોરાઈઝ ડીલર બનાવેલ જેથી તેઓએ અલગ અલગ તારીખોએ તેઓની કંપનીમાંથી રૂા. ૨૩,૯૮,૭૪૯/- નો માલસામાન મંગાવેલ અને તેઓની કં પનીએ તેઓને વિશ્વાસ અને ભરોસો રાખી માલસામાન આપેલો. તેઓને વારં વાર સદર માલસામાનનું પેમેન્ટ કરવા જણાવતાં તેઓએ જુદા જુદા વાયદા બતાવી અને તેઓને અમુક રકમ ચુકવી આપેલ અને બાકી નીકળતા રૂપિયા તેઓને પાસે માંગતા તેઓએ કંપનીને આપેલ નહીં. જેથી તેઓએ સદર બં ને ઈસમો વિરુધ્ધ ફરીયાદ આપેલ જે બતાવતાં તેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખે છે.જે ફરીયાદ રજુ દાખલ આંક -૧૮ આપવામાં આવે છે. આ ફરિયાદી ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ સાહેદને ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા ફરી ગયેલા જાહેર કરી તેઓએ વિગતવાર ઉલટ તપાસ કરેલ છે.

આ ફરિયાદી નાઓએ તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, તેઓની બાકી નીકળતી લેણી રકમ તેઓને મળી ગયેલ છે.

(૮) આ કામે ફરીયાદપક્ષે આંક-૨૮ થી ત.ક.અ. પી.એસ.આઈ. એમ.એમ. ગઢવીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસની જુબાનીમાં જણાવેલ કે, તા. ૨૧/૦૨/૨૦૨૪ ના રોજ તેઓ રખીયાલ પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા તે દરમીયાન ફરીયાદી પાર્થ સારથી વિરેન્દ્ર કૌશિકનાઓને તેઓની ઈપીકો કલમ ૪૦૬,૪૨૦ મુજબની ફરીયાદ પી.એસ.આઈ. યુ.એમ.ગઢવી રૂબરૂ આપતાં જણાવેલ કે ફરીયાદીની કંપની અલ્ફાવેટર પ્રા. લીમીટેડ સાથે આરોપીઓએ છેતરપીંડી અને વિશ્વાસઘાત

કરેલ. આરોપીઓએ ફરીયાદીને જણાવેલ કે અમો તમારી સાઈકલો તથા એસ ેસરીઝ એનસીઆરમાં વેચાણ કરીશુ, તમારી કંપનીનનું નામ થશે તેમ કહી ફરીયાદી પાસેથી જુદા જુદા સમયગાળા દરમિયાન જુદા જુદા સાયકલના મોડલની કુલ ૩૭૩ સાઈકલો તેમજ એસેસરીઝ મળી કુલ રૂા. ૨૩,૯૮,૭૪૯/– નો મંગાવી ફરીયાદીના બાકી નિકળતા રૂા. ૨૨,૪૦,૦૪૪/– ન ચુકવી ફરીયાદી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરેલ. જે ફરીયાદ રજી. થઈ આવતા આગળની તપાસ તેઓને મળેલ. તેઓએ તપાસ સંભાળી લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ. મુદ્દામાલ રીકવર કર્યા અંગેનું પંચનામુ કરેલ. જુદા જુદા બીલો તેમજ અન્ય દસ્તાવેજી પુરાવા એકત્રીત કરેલ અને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં મોકલી આપેલ.

આ ત.ક.અ. નાઓએ તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આ કામના ફરીયાદીએ અલ્ફાવેકટર પ્રા. લી. કંપનીના માલીક નથી. બે વેપારીઓ થતો વહેવાર કોમર્શીયલ વહેવાર કહેવાય. કોમર્શીયલ વહેવારની તકરાર માટે અલગથી કોમર્શીયલ શોર્ટ આવેલ છે. હાલની ફરીયાદ કોમર્શીયલ વહેવારની લગતી ફરીયાદ છે. તપાસ દરમ્યાન જો તેઓને માલુમ થાય કે ફરીયાદ કોમર્શીયલ વહેવારને લગતી છે તો તેઓ તે સમયે તે બાબતે સમરી ભરવાની કાર્યવાહી કરી શકે છે.

(૯) આમ, હાથ ઉપરના કેસમાં રજૂ થયેલ ઉપર મુજબ ચર્ચા કરેલ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરીયાદીએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી, જેથી ફરીયાદીના પુરાવાથી આરોપીઓ વિરૂધ્ધની કોઈ જ હકીકત રેકર્ડ પર આવતી નહી હોવાનું સ્પષ્ટ થાય છે. તે સંજોગોમાં આ કામે આંક–૧૮ થી રજૂ થયેલ ફરીયાદની હકીકત સામે શંકા

ઉપસ્થિત થાય છે. આ કામે આંક–૧૯ થી મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું રજૂ થયેલ છે, પરંતુ તેની સાપેક્ષમાં આ કામે રજૂ થયેલ પંચનામાના પં ચ સાહેદને તપાસવામાં આવેલ નથી. જેથી ત.ક.અ.ની તપાસની કાર્યવાહી દરમ્યાન થયેલ સદર પંચનામાને સમર્થન મળતુ ન હોઈ પંચનામું પુરવાર થતુ નથી. આંક–૨૮ થી ત.ક.અ. સાહેદોના નિવેદનો લીધેલા અને તેમને ફરજના ભાગ રૂપે કાર્યવાહી કરેલ છે. તેમની ઉલટ તપાસ જોતા તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી, જેથી ફરીયાદીના પુરાવાથી આરોપીઓ વિરૂધ્ધની કોઈ જ હકીકત રેકર્ડ પર આવતી નહી હોવાનું સ્પષ્ટ થાય છે. જેથી આ કામે જે પુરાવો રજૂ થયેલ છે તેને ધ્યાને રાખતાં હાલનાં બં ને આરોપીઓએ ફરિયાદીશ્રીની કંપની અલ્ફા વેકટર (ઈન્ડીયા) પ્રા.લી.ના ઓથોરાઈઝ ડીલર બનાવો અને તમારી સાયકલો તથા તેની એસેસરીજ કુલ નં ગ–૫૪૫ તમામ મળી કુલ કિં.રૂ. ૨૨,૪૦,૦૪૪/– ના નહી આપી ફરિયાદી સાથે ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હોય તેવું સાબિત થતુ નથી. જેથી મુદ્દા નં.૧ નો જવાબ 'નકાર'માં આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: હુકમ ::

- આ કામના આરોપીઓ ૧) સોનીયા વા/ઓ સંજય રાજેન્દ્રકુમાર તુલી (૨) સં જય સ/ઓ રાજેન્દંકુમાર તુલી બન્ને રહે. એર/૧૪, પહેલો માળ, લીલક–૨, સેકટર–૪૯, ઈસ્લામપુર–૧૭, ગુડગાવ હરીયાણા તથા રહેવાસી, એ.જી.૩૦ તથા ૩૧, યુનીટેક આર્કેડીયા સૌથ સીટી–૨ ગુડગાવ હરીયાણા નાઓને કિ.પ્રો.કો.ક. ૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો. કલમ– ૪૦૬, ૪૨૦, ૧૧૪ ના તહોમતમાંથી પુરાવાના અભાવે **નિર્દોષ** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના જામીન રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ, આજરોજ તા. ૨૪, માહે – માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ: દહેગામ.
તા. ૨૪/૦૩/૨૦૨૬.

**(હર્ષા એમ. દોશી)**
**GJ01661**
**એડી.જ્યુડી. મેજી.ફ.ક.**
**દહેગામ.**